**રાજય અને રાષ્ટ્રીય પારિતોષિક શિક્ષકોની પસંદગી અંગે ફેરફાર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:પીઆરઇ-૧૧૦૯-૫૨૯-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા. 5 MAR 2011

**વંચાણેલીધો:-** શિક્ષણ વિભાગનો તા.૭-૮-૨૦૦૭ના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૦૭-૬૦૩-ક,

**ઠ રા વ:-**

સંદર્ભમાં જણાવેલ ઠરાવથી શિક્ષકો માટેના ગુજરાત રાજય પારિતોષિકની યોજના અમલમાં છે. આ યોજના અન્વયે રાજય અને રાષ્ટ્રીય પારિતોષિક એવોર્ડ વિજેતા શિક્ષકોની ગુણવત્તા ઉંચી જળવાઇ રહે તે માટે તાલુકા કક્ષાએ પણ એક પસંદગી સમિતિ હોય તે અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે રાજય સરકારે પુખ્ત વિચારણા કરી નીચે મુજબની સમિતિઓ રચવાનું ઠરાવવામાં આવે છે.

(૧) **રાજય કક્ષાની સમિતિ વંચાણમાં લીધેલ શિક્ષણ વિભાગના તા.૭-૦૮-૦૭ના ઠરાવ મુજબ યથાવત રાખીએ.**

૧૪/ક ૨૯ રાજયકક્ષાની સમિતિમાં રાજય સરકાર ધ્વારા નિયુકત કરવાના કેળવણીકાર ત્રણ સભ્યોની પેનલ નિયામક પ્રાથમિક શિક્ષણ ધ્વારા રજુ કરવાની રહેશે. ત્રણ સભ્યો પૈકી એક સભ્ય રાજય સરકારે નિયુકત કરી આપવાના રહેશે.

(૨) **જિલ્લા કક્ષાની સમિતિ**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અધ્યક્ષશ્રી
(૨) બી.એડ કોલેજના પ્રિન્સીપાલ/અધ્યાપક જેની નિયુકિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કરશે.
(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
(૪) પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ તાલીમ ભવન
(૫) જિલ્લાના એક કેળવણીકાર જેની નિમણુંક જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કરશે.

(૩) **તાલુકા કક્ષાની સમિતિ**

(૧) તાલુકા કેળવણી નિરીક્ષક, અધ્યક્ષ
(૨) તાલુકાના એક કેળવણીકાર (જેની નિમણુંક અધ્યક્ષ કરશે.
(૩) માધ્યમિક શાળાના આચાર્ય/શિક્ષક (જેની નિમણૂંક અધ્યક્ષ કરશે.)
(૪) તાલુકાના બીટનિરીક્ષક (જેની નિમણુંક અધ્યક્ષ કરશે.)
(૫) તાલુકાના બી.આર.સી.

ઉપર્યુકત સમિતિઓએ એવોર્ડ માટે શિક્ષકની પસંદગી કરતા પહેલાં નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવવાની રહેશે.

- માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષક/આચાર્યના જે તે વિષય શિખવતા વિષયનું માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક બોર્ડનું પરિણામ છેલ્લા ત્રણ વર્ષનું ૮૦ ટકા કરતાં વધારે હોવું જોઇશે.

- પ્રાથમિક શાળાના શિક્ષક માટે ગુણોત્સવના મુલ્યાંકનમાં જે તે વર્ષનું અને અગાઉના વર્ષના મુલ્યાંકનમાં આઠ ગુણ કરતા વધારે ગુણ હોવા જોઈશે.
- તાલુકા કક્ષાની સમિતિએ શિક્ષકોના નામો પસંદ કરીને જિલ્લા કક્ષાની સમિતિને મોકલવાનાં રહેશે. આ સમિતિએ શિક્ષકની શૈક્ષણિક કામગીરીને જ વિશેષ ધ્યાનમાં લેવાની રહેશે.
- જિલ્લા કક્ષાની સમિતિએ તાલુકા કક્ષાએથી ભલામણ થયેલા નામોને શિક્ષકની રૂબરૂ મુલાકાત ગોઠવીને શિક્ષક સાથે ચર્ચા કરી કામગીરીની સમીક્ષા કરી શિક્ષકની યોગ્યતા, ગુણવત્તા મૂલ્ય, કર્મઠતા જોઇને રાજયકક્ષાએ નામોની ભલામણ કરવાની રહેશે.
- રાજય કક્ષાની સમિતિએ પણ જિલ્લા કક્ષાની સમિતિમાં સુચવ્યા પ્રમાણે રૂબરૂ મુલાકાત ગોઠવીને દરખાસ્તોની ચકાસણી કરીને શ્રેષ્ઠ શિક્ષકોના નામોની પસંદગી કરી સરકારશ્રીને ભલામણ કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રા.શિ.અને મા.શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી,(શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ કલેકટરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.

(ઉપરના છ માટે: પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)

- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગની સર્વે શાખા
- સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.